# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૦૦ તા.૧૪-૧૦ -૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ધો.૬થી૮ ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ધો. ૬થી૮ ના વિદ્યાર્થીઓ માટે નીચે જણાવેલ વિષયો પર તા.૧૮-૧૦-૧૬ ના રોજ ચિત્ર સ્પર્ધા યોજવાની રહેશે.

**૧. ક્લીન અને ગ્રીન ઈન્ડીયા(સ્વચ્છ ભારત)**
**૨. ડિજીટલ ઈન્ડીયા**
**૩. સ્વસ્થ પરિવાર**
**૪. પર્યાવરણનું સંરક્ષણ**

**<u>સૂચનાઓ</u>** :-

૧. ધો.૬થી૮ ના તમામ વિદ્યાર્થીઓને આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવાનું રહેશે.
૨. ચિત્ર સ્પર્ધા માટે ધો. ૬ થી ૮ ની કુલ વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે આર્ટ પેપર આપની જે-તે ઝોન ઓફિસેથી તા.૧૭-૧૦-૧૬ના રોજ પ્રશ્નપત્ર લેવા આવો ત્યારે જ સમય ૧૧:૦૦ થી ૨:૦૦ દરમ્યાન મેળવવાનું રહેશે.
૩. ચિત્રમાં રંગ પૂરણી માટેના રંગ બાળકે જાતે લાવવાનું રહેશે. રંગપૂરણી માટે ગમે તે રંગ (વેક્સ કલર,વોટર કલર વગેરે) નો ઉપયોગ કરી શકાશે.
૪. ચિત્ર સ્પર્ધા શાળાસમયમાં યોજવાની રહેશે. સ્પર્ધાનો સમય ૯૦ મિનિટનો રાખવાનો રહેશે.
૫. શાળાના ધો. ૬થી૮ ના તમામ સ્પર્ધકો પૈકી શાળાદીઠ ૧૫ શ્રેષ્ઠ ચિત્રોને તા.૧૮-૧૦-૧૬ ના રોજ બપોરના ૨:૦૦ વાગ્યા સુધી પોતાના બીટ નિરીક્ષકશ્રી ને મોકલી આપવાનું રહેશે.
૬. શાળાના ATD શિક્ષક કે ચિત્રના જાણકાર શિક્ષકની મદદથી શાળાકક્ષાએ શ્રેષ્ઠ ૧૫ ચિત્રોની પસંદગી કરવાની રહેશે.
૭. દરેક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને આર્ટ પેપરની સાથે ત્રણ ડેક્લેરેશન ફોર્મેટ લઇ જવાનું રહેશે.
(૧) શાળા કોપી (૨) સંસ્થાની કોપી (૩) શ્રેષ્ઠ ૧૫ ચિત્રોની વિગત
૮. શ્રેષ્ઠ ૧૫ ચિત્રોનીસાથે ઉપરોક્ત ત્રણ ડેકલેરેશન ફોર્મેટ પૂરેપૂરી વિગત ભરીને મુખ્યશિક્ષકશ્રીએ સહીસિક્કા સાથે અચૂક જે-તે ઝોન ઓફિસે આપવાનું રહેશે.
૯. શાળાદીઠ શ્રેષ્ઠ ૧૫ ચિત્ર દોરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને આ પૈકી ઝોનદીઠ શ્રેષ્ઠ ૫ ચિત્રોને પ્રમાણપત્ર તેમજ પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.

દરેક બીટ નિરીક્ષકશ્રીએ શાળા દ્વારા પસંદ કરેલ ૧૫ શ્રેષ્ઠ ચિત્રો પૈકી ઝોન કક્ષાએ શ્રેષ્ઠ ૫ ચિત્રોની પસંદગી કરવાની રહેશે.

ઝોન કક્ષાએ પસંદ કરેલ શ્રેષ્ઠ ૫ ચિત્રોની યાદી તેમજ શાળા દીઠ શ્રેષ્ઠ ૧૫ ચિત્રોની યાદી(ત્રણ ફોર્મેટ) તમામ બીટ નિરીક્ષકશ્રીઓએ તા.૧૮-૧૦-૧૬ના રોજ ૪-૦૦ વાગ્યા સુધી મુખ્ય ઓફિસે ડે.એ.ઓ.શ્રી ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદીને મળે તે રીતે મોકલી આપવાના રહેશે. શાળાદીઠ પસંદગી પામેલ શ્રેષ્ઠ ૧૫ ચિત્રો તેમજ શાળાદીઠ ત્રણ ફોર્મેટની ઝેરોક્ષ કોપી તમામ બીટ નિરીક્ષકશ્રીએ પોતાની ઝોન ઓફિસે રાખવી. આ ચિત્રોને સંસ્થાના કર્મચારી લેવા આવે ત્યારે તેને સોંપવાની વ્યવસ્થા બીટ નિરીક્ષકશ્રીએ કરવાની રહેશે.

આ ચિત્ર સ્પર્ધા ધો.૬ થી ૮ ની દરેક શાળામાં યોજાય તેમજ દરેક બાળક આ સ્પર્ધામાં ભાગ લે તેની કાળજી શાળાના મુખ્ય શિક્ષકે રાખવાની રહેશે.

તા.૧૪ -૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી